RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 12 * Issue No. 355 * Date: 16.10.2026,Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 350/-

સ્ટારલિંકને ટૂલ ઓફ વૉર ગણાવતા ઈરાનનો મોટો નિર્ણય, જે ઈન્ટરનેટ યૂઝ કરતા પકડાશે તેને જેલ અને મૃત્યુદંડની સજા કરાશે



ે સ્પેસએક્સની સ્ટારલિંક સેવાને 'યુદ્ધનાં હથિયાર' ગણાવી કડક વલણ અપનાવ્યું છે. ઈરાનમાં સ્ટારલિંકનો ઉપયોગ કરનારને ૨ વર્ષ સુધીની જેલ, જયારે ટર્મિનલની આયાત-વિતરણ કરનારને ૫ વર્ષની સજા થશે. જાસૂસી કે રાષ્ટ્રીય સુરક્ષાના ગંભીર આરોપમાં મૃત્યુદંડ પણ થઈ શકે છે. ઈરાન સરકારી નિયંત્રણ જાળવવા આ પગલું ભરી રહી છે. ઈરાને એલન મસ્કની કંપની સ્પેસએક્સની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક સામે કડક વલણ અપનાવ્યું છે.

ઈરાનની સરકાર સ્ટારલિંકને માત્ર ઈન્ટરનેટ સેવા નહીં, પરંતુ 'યુદ્ધનાં હથિયાર' તરીકે જુએ છે. દેશમાં સ્ટારલિંકનો ઉપયોગ કરતા પકડાનારને બે વર્ષ સુધીની જેલ થઈ શકે છે, જયારે તેના ટર્મિનલની આયાત અથવા વિતરણ કરવા બદલ પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જાસૂસી અથવા રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા ગંભીર આરોપોમાં મૃત્યુદંડ પણ થઈ શકે છે. આની પાછળ ઈન્ટરનેટ પર સરકારી નિયંત્રણ જાળવવા અને સુરક્ષાને લગતી ચિંતાઓ મુખ્ય કારણ હોવાનું મનાય છે.સ્ટારલિંકનું જોડાણ કાપવાની ક્ષમતા હોવાનો ઈરાનનો દાવાઈરાનની સુપ્રીમ નેશનલ સાઈબર સ્પેસ કાઉન્સિલના સચિવ મોહમ્મદ અમીન આગામિરીએ દાવો કર્યો છે કે દેશ પાસે સ્ટારલિંકનાં ટર્મિનલનું જોડાણ કાપવા માટેની અનેક વ્યવસ્થાઓ છે. તેમના જણાવ્યા અનુસાર, આ પૈકીની એક વ્યવસ્થાનો ઉપયોગ જાન્યુઆરીમાં થયેલાં વિરોધ પ્રદર્શનો દરમિયાન પણ કરવામાં આવ્યો હતો. આગામિરીએ એમ પણ કહ્યું કે ઈરાન આ ટેક્નોલૉજી પોતાના સહયોગી દેશો સાથે વહેંચવા તૈયાર છે. જોકે, આ વ્યવસ્થાઓ કેવી રીતે કામ કરે છે અને કેટલી અસરકારક છે તે અંગેની વિસ્તૃત વિગતો જાહેર કરવામાં આવી નથીસ્ટારલિંકના ઉપયોગ બદલ જેલ, ટર્મિનલના વિતરણ પર પણ કાર્યવાહઈરાનમાં સ્ટારલિંકનો ઉપયોગ કરવા બદલ બે વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તેના ટર્મિનલની આયાત અથવા વિતરણ કરવા બદલ પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જયારે જાસૂસી અથવા રાષ્ટ્રીય સુરક્ષાને લગતા ગંભીર ગુનાઓમાં મૃત્યુદંડ સુધીની સજા થઈ શકે છે. સ્ટારલિંકની મદદથી ઈરાનના નાગરિકો સરકાર દ્વારા ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યું હોય ત્યારે પણ વીડિયો અને અન્ય માહિતી બહાર મોકલી શકે છે. આથી વિરોધ પ્રદર્શનો દરમિયાન માહિતી બહાર જતી અટકાવવા સરકાર માટે આ સેવા પડકારરૂપ બની છે. ઈરાન અગાઉ પણ સ્ટારલિંકની સેવાઓને અવરોધવા માટે સિગ્નલ જામર, જીપીએસ સિગ્નલમાં વિક્ષેપ અને ટર્મિનલ શોધવા માટે દરોડા પાડવા જેવી પદ્ધતિઓ અપનાવી ચૂક્યું છે.યુક્રેનમાં સ્ટારલિંકની સેવા અંગે પણ ચર્ચાસ્ટારલિંકની ભૂમિકા અંગેની ચર્ચા યુક્રેન યુદ્ધને કારણે પણ ફરી સામે આવી છે. યુક્રેનમાં આ સેવા સૈન્ય સંચાર અને ડ્રોન સંચાલન માટે મહત્ત્વપૂર્ણ રહી છે. સેવા અથવા તેના ઉપયોગ પર કોઈ મર્યાદા મૂકવામાં આવે તો યુદ્ધમોરચે સંચાર અને કામગીરી પર અસર પડી શકે છે. જોકે, યુક્રેનને સ્ટારલિંકની સેવા સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી હોવાના દાવાને સમર્થન આપતી પૂરતી વિગતો અહીં ઉપલબ્ધ નથી. તેથી સેવા પર પ્રતિબંધ, ચોક્કસ વિસ્તારોમાં મર્યાદા અને સૈન્ય ઉપયોગ અંગેના નિર્ણયોને અલગ રીતે સમજવા જરૂરી છે.સ્ટારલિંકને લઈને ઈરાનનું વલણ સેટેલાઈટ ઈન્ટરનેટ અને રાષ્ટ્રીય સુરક્ષા વચ્ચેના વધતા સંઘર્ષને દર્શાવે છે. એક તરફ આવી સેવાઓ સરકારી પ્રતિબંધો વચ્ચે પણ માહિતી પહોંચાડવાનું માધ્યમ બને છે, તો બીજી તરફ સરકારો તેનો ઉપયોગ જાસૂસી કે સૈન્ય હેતુઓ માટે થઈ શકે તેવી ચિંતા વ્યક્ત કરે છે.

જર્મનીમાં રહેણાક ઈમારતમાં આગ લાગતા ૩ ભારતીય વિદ્યાર્થીના મોત, હત્યાની શંકા હેઠળ રોમાનિયાના નાગરિકની ધરપકડ

જર્મનીના બોખુમ શહેરમાં રહેણાક ઈમારતમાં આગ લાગતાં ૩ ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા છે. મૃતકોમાં ૨ યુવતીઓ (૨૫, ૨૭) અને ૧ યુવક (૨૬) સામેલ છે. આ ઘટનામાં ૫ અન્ય લોકો પણ ઘાયલ થયા છે. પોલીસે હત્યાની આશંકાએ ૪૧ વર્ષના રોમાનિયન નાગરિકની ધરપકડ કરી છે. ભારતીય દૂતાવાસે પરિવારોને મદદની ખાતરી આપી છે. આગનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.જર્મનીમાં રહેણાક ઈમારતમાં આગ લાગતા ૩ ભારતીય વિદ્યાર્થીના મોત, હત્યાની શંકા હેઠળ રોમાનિયાના નાગરિકની ધરપકડ જર્મનીના બોખુમ શહેરમાં રહેણાક ઈમારતમાં આગ લાગતાં અભ્યાસ માટે ગયેલા ત્રણ ભારતીય વિદ્યાર્થીઓનાં મોત થયાં છે. મૃતકોમાં ૨૫ અને ૨૭ વર્ષની બે યુવતીઓ તથા ૨૬ વર્ષનો એક યુવક સામેલ છે. આ દુર્ઘટનામાં અન્ય પાંચ લોકો પણ ઘાયલ થયા છે. પોલીસે હત્યાની આશંકાએ ૪૧ વર્ષના એક રોમાનિયન નાગરિકની ધરપકડ કરી છે. જોકે, આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. ઈમારતના બીજા માળે આવેલા મકાનમાંથી ત્રણેયના મૃતદેહ મળ્યાઆ ઘટના જર્મનીના નોર્થ રાઈન-વેસ્ટફેલિયા રાજ્યના બોખુમ શહેરમાં બુધવારે બની હતી. રહેણાક ઈમારતમાં આગ લાગ્યાની જાણ થતાં જ અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઈમારતમાં તપાસ દરમિયાન બીજા માળે આવેલા એક મકાનમાંથી ત્રણ ભારતીય વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવ્યા હતા. ત્રણેય વિદ્યાર્થીઓ જર્મનીમાં અભ્યાસ કરી રહ્યા હતા. જોકે, હજુ સુધી તેમના નામ અને ભારતના વતન અંગેની વિગતો જાહેર કરવામાં આવી નથી. આ ઘટનાથી વિદેશમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને પણ ચિંતા ઊભી થઈ છે.ધુમાડાને કારણે પાંચ લોકોની તબિયત લથડીઆગ અને ધુમાડાની અસરને કારણે અન્ય પાંચ લોકોને ધુમાડાને લીધે શ્વાસ લેવામાં તકલીફ થતાં તેમને સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ પાંચેય ઘાયલોની નાગરિકતા અને તેમની હાલત અંગેની વિસ્તૃત વિગતો હજુ સામે આવી નથી.હત્યાની આશંકાએ ૪૧ વર્ષના રોમાનિયન નાગરિકની ધરપકડપોલીસે આ ઘટનાની તપાસ દરમિયાન હત્યાની આશંકાએ ૪૧ વર્ષના રોમાનિયન નાગરિકની ધરપકડ કરી છે. જોકે, તેની સામેના આરોપો અને આગની ઘટના સાથેના તેના સંબંધ અંગેની વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી. આગ અકસ્માતે લાગી હતી કે તેની પાછળ કોઈ ગુનાહિત કૃત્ય જવાબદાર છે, તે તપાસ બાદ જ સામે આવશે.ભારતીય દૂતાવાસે પરિવારોને મદદની ખાતરી આપીબર્લિન સ્થિત ભારતીય દૂતાવાસે સોશિયલ મીડિયા પર આ દુર્ઘટના અંગે જાણકારી આપી હતી. દૂતાવાસના જણાવ્યા અનુસાર, જર્મનીમાં ભારતીય દૂતાવાસ અને ફ્રેન્કફર્ટ સ્થિત ભારતીય વાણિજ્ય દૂતાવાસ સ્થાનિક અધિકારીઓ તેમજ મૃતકોના પરિવારોના સંપર્કમાં છે.




જર્મનીથી દિલ્હીની ફ્લાઈટ હાઈજેક અંગે એલર્ટ બાદ ડાયવર્ટ કરવી પડી



જર્મનીથી દિલ્હી આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં હાઈજેકિંગની ખોટી એલર્ટ મળી હતી. પાયલટે કોડ ૭૫૦૦નો સંદેશો મોકલતા ફ્લાઈટને જયપુર ડાયવર્ટ કરાઈ. ૨૯૩ મુસાફરો અને ૧૩ ક્રૂ સભ્યો સાથેની બોઇંગ ૭૮૭-૯ ફ્લાઈટની જયપુરમાં સંપૂર્ણ તપાસ બાદ કોઈ જોખમ ન જણાતા દિલ્હી રવાના કરાઈ. આ એલર્ટ ખોટી નીકળી હતીજર્મનીથી દિલ્હીની ફ્લાઈટ હાઈજેક અંગે એલર્ટ બાદ ડાયવર્ટ કરવી પડીપાયલટ દ્વારા જોખમ અંગે એલર્ટ મોકલાઈ હતીજયપુરમાં ફ્લાઈટની સંપૂર્ણ તપાસ બાદ દિલ્હી રવાના કરાઈ, એલર્ટ ખોટી નીકળીનવી દિલ્હી : જર્મનીથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટમાં હાઈજેકિંગની એલર્ટ આપવામાં આવી હતી, જેને પગલે બાદમાં આ ફ્લાઈટને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. જોકે તપાસ કરતા આ એલર્ટ જુઠી હોવાનું સામે આવ્યું હતું.જર્મનીના ફ્રેન્કફર્ટથી દિલ્હી આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટ બોઇંગ ૭૮૭-૯માં આશરે ૨૯૩ મુસાફરો અને ૧૩ ક્રૂ સવાર હતા. સવારે ૯.૩૫ કલાકે જયપુર એરપોર્ટ પર ઉતરી હતી. જે બાદ તમામ મુસાફરોને ટર્મિનલ બિલ્ડિંગમાં લઈ જવાયા હતા અને તપાસ કરવામાં આવી હતી. જોકે હાઈજેક અંગેની જે એલર્ટ મળી હતી તે જુઠી નીકળી હતી.તપાસમાં કઈ જ જોખમકારક ના મળતા અંતે ફ્લાઈટને દિલ્હી તરફ રવાના કરવામાં આવી હતી.પ્રાથમિક માહિતી મુજબ ફ્લાઈટના પાયલટે કોડ ૭૫૦૦નો સંદેશો મોકલ્યો હતો જે સામાન્ય રીતે ગેરકાયદે પ્રવૃત્તિ માટે જાણીતો છે. આ એલર્ટ આપવામાં આવી ત્યારે ફ્લાઈટ મુંબઈ ફ્લાઈટ ઈન્ફોર્મેશન રિજનમાં હતી. બાદમાં જ તેને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.

આતંકીઓ એઆઈની મદદથી કોરોના કરતા પણ ઘાતક વાયરસ પેદા કરી શકે



લંડનમાં બ્રિટનની જાસૂસી સંસ્થા ૈં-પના ચીફે ચેતવણી આપી છે કે, આતંકીઓ છૈંનો ઉપયોગ કરીને રોગચાળો ફેલાવનારા જીવાણુઓ અને બાયોવેપન તૈયાર કરી શકે છે. છૈં આતંકીઓને રોગાણુંઓ, જોખમી બેક્ટેરિયા સહિતની માહિતી પહોંચાડી ઘાતક વાયરસ બનાવવામાં મદદ કરી શકે છે. ઉપરાંત, રશિયા પશ્ચિમી દેશો માટે મોટો ખતરો છે અને ઈરાન બ્રિટનમાં સૈન્ય મથકો પર હુમલાની તૈયારીમાં છેઆતંકીઓ એઆઈની મદદથી કોરોના કરતા પણ ઘાતક વાયરસ પેદા કરી શકબ્રિટનની જાસૂસી સંસ્થાના ચીફની ચેતવણી

એઆઈ આતંકીઓ સુધી રોગાણુંઓ, જોખમી બેક્ટેરિયા સહિતની માહિતી પહોંચાડી બાયોવેપન તૈયાર કરવામાં મદદ કરી શકે છલંડન : બ્રિટનની જાસૂસી સંસ્થા એમઆઈ-પના ચીફે ચેતવણી આપી છે કે હાલ પશ્ચિમી દેશો સામે રશિયા સૌથી મોટો ખતરો છે. રશિયા સીધા હુમલા કરવાના બદલે સાઈબર હુમલા વગેરેનો સહારો લઈ રહ્યું છે. જ્યારે ઈરાન બ્રિટનમાં સૈન્ય મથકો પર મોટા હુમલા કરવાની તૈયારીમાં છે. સાથે જ તેમણે એમ પણ કહ્યું હતું કે આતંકીઓ એઆઈનો ઉપયોગ કરીને રોગચાળો ફેલાવનારા જીવાણુ તૈયાર કરી શકે છે. ક્યારેય જોવા ના મળ્યો હોય તેવો જીવલેણ વાયરસ પેદા કરવામાં એઆઈ મદદ કરી શકે છે.બ્રિટન પરના ખતરાઓ અંગે વાત કરતા બ્રિટનની જાસુસી એજન્સીના ડાયરેક્ટર જનરલ કેન મેકકેલમે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એઆઈને લઇને પણ ચેતવણી આપી છે.તેમણે કહ્યું છે કે આતંકીઓ એઆઈનો સૌથી વધુ દુરુપયોગ કરી શકે છે, એઆઈની મદદથી આતંકીઓ લોકોમાં રોગચાળો ફેલાવનારા જીવાણુઓ બનાવી શકે છે અથવા તો બાયોવેપન પણ તૈયાર કરી શકે છે. ઈરાન પર બોમ્બમારો કરવા માટે બ્રિટનના ફેરફોર્ડમાં અમેરિકાએ પોતાનું એરબેઝ સ્થાપ્યું છે. જેના પર ગમે ત્યારે ઈરાન દ્વારા હુમલો કરવામાં આવી શકે છે તેવી ચેતવણી અગાઉ બ્રિટનના વડાપ્રધાન એન્ડી બર્નહમ પણ આપી ચુકયા છે.જે બાદ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ એરબેઝ પરથી પોતાના વિમાન પાછા બોલાવી લીધા હતા. હવે બ્રિટનની જાસુસી એજન્સીના વડા દ્વારા આવા જ પ્રકારની ચેતવણી આપવામાં આવી છે. સાથે જ તેમણે દાવો કર્યો હતો કે રશિયા હાલ પશ્ચિમના દેશો માટે મોટો ખતરો છે, રશિયા સીધા હુમલા કરવાના બદલે છુપાઈને સાઈબર હુમલા કરાવી રહ્યું છે.આમ કરવાથી તે નાટો દેશો સાથે સીધા યુદ્ધ કરવાથી બચી રહ્યું છે. સાથે જ તેમણે એઆઈનો આતંકીઓ દ્વારા દુરુપયોગને લઈને પણ ચેતવણી આપી છે. તેમણે દાવો કર્યો હતો કે આતંકીઓ એઆઈનો ઉપયોગ બાયોવેપન જેમ કે રોગાણુંઓ, બેક્ટેરિયા, કોરોના જેવા વાયરસ વગેરે જીવલેણ વાયરસો, કિટાણુંઓ માટે કરી શકે છે.

તંત્રી લેખ

ઓકટોબરના બીજા પખવાડિયા માટે ૧૪ લાખ ટન ખાંડ કવોટા છૂટો કરાયો

મુંબઈમાં તહેવારો ટાણે ખાંડના ભાવમાં ઉછાળો આવતા, કેન્દ્ર સરકારે ઓક્ટોબરના બીજા પખવાડિયા માટે ૧૪ લાખ ટન ખાંડનો ક્વોટા વહેલો જાહેર કર્યો છે. દશેરા-દિવાળીને ધ્યાને રાખી સરકારે ૨ દિવસ વહેલા આ નિર્ણય લીધો. આયાતકારોને વધુ ૨ લાખ ટન ખાંડ ફાળવાઈ, જ્યારે ડીલરો માટે ૧૦૦૦ ક્વિન્ટલ સ્ટોક લિમિટ ૧૫ ઓક્ટોબરથી ૩૦ નવેમ્બર સુધી લાગુ રહેશે.ઓકટોબરના બીજા પખવાડિયા માટે કેન્દ્રએ ૧૪ લાખ ટન ખાંડ કવોટા છૂટો કર્યો છે. દશેરા તથા દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખી સરકારે બે દિવસ વહેલા કવોટા જાહેર કર્યો છે, જેથી ખાંડનો પૂરતો પૂરવઠો જળવાઈ રહે એમ અન્ન તથા જાહેર વિતરણ વિભાગના સુત્રોએ જણાવ્યું હતું.આ ઉપરાંત ખાંડના આયાતકારોને વધુ બે લાખ ટનની ફાળવણી કરવામાં આવી છે.છેલ્લા દસ દિવસમાં ખાંડના ક્વિન્ટલ દીઠ ભાવમાં રૂપિયા ૧૦૦૦નો વધારો થયો છે. સપ્ટેમ્બર માટે સરકારે ૨૬.૫૦ લાખ ટન અને સંપૂર્ણ ઓકટોબર માટે ૩૦ લાખ ટન ખાંડ છૂટી કરવામાં આવી છે. અગાઉ સરકાર મિલો માટે દર મહિને ખાંડ કવોટાની ફાળવણી કરતી હતી જે સપ્ટેમ્બરથી બદલીને દર પખવાડિયે જાહેર કરવાનું શરૂ કરાયું છે.ખાંડના રિટેલ ભાવ હાલમાં રૂપિયા ૫૫થી ૬૦ની વચ્ચે બોલાઈ રહ્યા છે. તહેવારો દરમિયાન ડિલરો દ્વારા ખાંડની સંગ્રહખોરી ટાળવા સરકારે ખાંડમાં સ્ટોક લિમિટ જેવા પગલાં હાથ ધર્યા છ.નવા નોટિફિકેશન પ્રમાણે ડિલર મહત્તમ ૧૦૦૦ ક્વિન્ટલ ખાંડનો સ્ટોક રાખી શકશે અને તે પણ પંદર દિવસ સુધી. નવી મર્યાદા ૧૫ ઓકટોબરથી ૩૦ નવેમ્બર સુધી અમલી રહેશે.આ અગાઉ ઓગસ્ટમાં ૪૦૦૦ ક્વિન્ટલ સ્ટોક મર્યાદા લાગુ કરવામાં આવી હતી.દરમિયાન ટેરિફ રેટ કવોટા હેઠળ ૨૦૨૬-૨૭ માટે યુરોપિયન યુનિયનમાં ૫૮૪૧ ટન ખાંડની નિકાસની સરકાર દ્વારા છૂટ આપવામાં આવી છે.

ડ્રેનેજ પ્રેશર લાઇનના રિપેરિંગ માટે ૨૭ ટકા વધુ ભાવનું ટેન્ડર : ૩.૩૦ લાખ ખર્ચ કર્યા બાદ વધુ ૩.૧૫ લાખ ખર્ચ



વડોદરા કોર્પોરેશન દ્વારા ડ્રેનેજ પ્રેશર લાઈનના રિપેરિંગ-જાળવણી માટે ભાવેશ આર. પંડ્યાને અપાયેલા ?૩૦ લાખના વાર્ષિક ઈજારામાં?૧૫ લાખનો વધારો સૂચવાયો છે. ૨૦૨૭માં પૂરા થતા ઈજારામાં અત્યાર સુધીમાં ?૨૭.૫૦ લાખના કામો થયા છે. ખર્ચના આયોજન સામે સવાલો ઉઠતા, સ્થાયી સમિતિ સમક્ષ આ દરખાસ્ત મંજૂરી માટે રજૂ કરાઈ છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડ્રેનેજ પ્રેશર લાઈનના રિપેરિંગ અને જાળવણીની કામગીરી માટે અપાયેલા વાર્ષિક ઈજારાની નાણાકીય મર્યાદામાં વધુ રૂ.૧૫ લાખનો વધારો કરવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવી છે. રૂ.૩૦ લાખની મર્યાદામાં અપાયેલા ઈજારામાંથી અત્યાર સુધીમાં રૂ.૨૭.૫૦ લાખનાં કામ થઈ ચૂક્યાં છે. ત્યારે ઈજારો પૂરો થવા પહેલાં જ વધારાની રકમની જરૂર ઊભી થતાં ખર્ચના આયોજન અંગે સવાલો ઊભા થયા છે.

કોર્પોરેશન દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬માં ડ્રેનેજ પ્રેશર લાઈનના રિપેરિંગ અને મેન્ટેનન્સ માટે રૂ.૩૦ લાખની નાણાકીય મર્યાદામાં કામગીરી કરવાનો વાર્ષિક ઈજારો ભાવેશ આર.પંડ્યાને આપવામાં આવ્યો હતો. ઈજારો આપતી વખતે કોન્ટ્રાક્ટરે અંદાજિત રકમ કરતાં ૨૭ ટકા ઊંચા ભાવ રજૂ કર્યા હતા. આ ઈજારો ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૭ના રોજ પૂર્ણ થવાનો છે.

હાલમાં રૂ.૩૦ લાખની મર્યાદા સામે રૂ.૨૭.૫૦ લાખ જેટલી રકમનાં કામ થઈ ચૂક્યાં છે. હવે કામગીરી ચાલુ રાખવા માટે નાણાકીય મર્યાદામાં વધુ રૂ.૧૫ લાખનો વધારો કરવાની દરખાસ્ત તૈયાર કરવામાં આવી છે. આ દરખાસ્તને સ્થાયી સમિતિની મંજૂરી મળ્યા બાદ ઈજારાની નાણાકીય મર્યાદા વધશે.


વડોદરામાં એમ.જી.રોડનું ગેરકાયદે ખાણીપીણીનું બજાર ફરી હટાવાયું : દબાણ હટાવવામાં વહાલા-દવલાની નીતિ

વડોદરા કોર્પોરેશન દ્વારા ચાર દરવાજા વિસ્તારમાં ગેરકાયદે ખાણીપીણીની લારીઓ સામે ફરી કાર્યવાહી કરાઈ છે. લહેરીપુરા ગેટથી માંડવી સુધી લારીઓના દબાણથી ટ્રાફિક અને રાહદારીઓને ભારે હાલાકી થતી હતી. કોર્પોરેશનની દબાણ શાખાએ ગઈકાલે રાત્રે ૨ ટ્રક ભરી લારીઓ જમા કરી. વારંવારની કાર્યવાહી છતાં દબાણો ફરી ખડકાતા કાયમી ઉકેલ પડકારરૂપ બન્યો છે.

વડોદરાના ચાર દરવાજા વિસ્તારમાં લહેરીપુરા ગેટથી માંડવી ઈમારત સુધી ફરી એકવાર ગેરકાયદે ખાણીપીણીની લારીઓનું બજાર ધમધમવા લાગ્યું છે. વારંવાર ફરિયાદો અને દબાણ શાખાની કાર્યવાહી છતાં થોડા સમય બાદ ફરી લારીઓનાં દબાણો ખડકાઈ જાય છે. જેના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. આ સ્થિતિ વચ્ચે કોર્પોરેશનની દબાણ શાખાની ટીમે ગઈકાલે રાત્રે ફરી કાર્યવાહી કરીને બે ટ્રક ભરી લારીઓ જમા લીધી હતી.

ચાર દરવાજા વિસ્તારમાં દિવસ દરમિયાન મોટી સંખ્યામાં લોકોની અવરજવર રહે છે. અહીં દુકાનોની આગળ લારી-ગલ્લા અને પથારાનાં દબાણો થતાં રાહદારીઓને અવરજવરમાં મુશ્કેલી પડે છે. બીજી તરફ, રાત્રિના સમયે ખાણીપીણીની લારીઓ રસ્તા પર ઊભી રહેતી હોવાથી અને ગ્રાહકો પોતાનાં વાહનો લારીઓની આગળ પાર્ક કરતા હોવાથી ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય છે. પરિણામે સ્થાનિક રહીશો અને વાહનચાલકો પરેશાન થાય છે.દબાણ શાખા દ્વારા અગાઉ પણ અનેક વખત કાર્યવાહી કરવામાં આવી હોવા છતાં આ સમસ્યાનો કાયમી ઉકેલ આવ્યો નથી. ગઈકાલે રાત્રે ફરી દબાણો દૂર કરવા પહોંચેલી ટીમને લારીધારકો સાથે ભારે રકઝકનો સામનો કરવો પડ્યો હતો. કેટલાક લારીધારકોએ દબાણો હટાવવામાં વહાલા-દવલાની નીતિ અપનાવવામાં આવતી હોવાના આક્ષેપ પણ કર્યા હતા. જોકે, ભારે રકઝક વચ્ચે કોર્પોરેશનની ટીમે દબાણો દૂર કરીને બે ટ્રક ભરી લારીઓ જમા કરી હતી.

શિક્ષણ ક્ષેત્રે નવતર પ્રયોગો વડે અદભુત શિક્ષણ આપતાં શિક્ષક



આજનો યુગ સતત પરિવર્તનશીલ છે સતત નવી નવી ટેકનોલોજી વિકસિત થઈ રહી છે તો એવામાં શિક્ષણ પણ કઠીન બનતું જાય છે વિધાર્થીઓને સતત માનસિક તનાવ અનુભવાતો હોય છે એવાં સંજોગોમાં સરકાર દ્વારા ૨૦૨૦ નીતિ પ્રમાણે નવતર પ્રયોગનાં અભિગમ વડે ૨૦૨૫ દરમિયાન શિક્ષણનો ભાર કઈ રીતે વિધાર્થીઓ પરથી ઓછો થાય અને યાદ શક્તિ પ્રબળ બને અને શિક્ષણનુ ગુઢ જ્ઞાન શરળ બને એ માટે માધાપર એમ એસ વી ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક ક્ષેત્રે ફરજ બજાવતા ઈકોનોમી નો વિષય ભણાવતા શ્રી પંકજભાઈ દહિસરિયા એ પોતાની પાસે રહેલા સંગીતનાં જ્ઞાનનો પ્રયોગ વિધાર્થીઓ પર સફળ બનાવી દિધો હતો અર્થશાસ્ત્ર જેવાં ગુઢ જ્ઞાન ભરેલાં વિષયને જુનાં ગીતો નાં ઢાળ સાથે ગધ વિષય ને પધમાં હાર્મોનિયમ વડે ખુબ જ સરળ બનાવી દિધો છે જેનાં કારણે આજે વિધાર્થીઓ માનસિક તનાવ ઓછો અનુભવે છે અને શિક્ષણનો ભાર ઓછો થતા શિક્ષણ મજબુત બનેલ છે ?.

આવી અનેકવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ વડે સારી કામગીરી બજાવેલ છે તેમજ ગુજરાત રાજ્ય સરકાર તરફથી જિલ્લા કક્ષાનો ૨૦૨૨ નું શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ પણ એનાયત કરેલ હતો તેમજ એનએસએસ ના ચાર કેમ્પ પણ કરીને એમાં નેતૃત્વ કરેલ છે તેમજ ભારતના અવકાશયાત્રી સુનિતા વિલિયમ ની મુલાકાત પણ વિદ્યાર્થીઓ સાથે કરાવેલ છે ગુજરાતના શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા વડે પણ એની નોંધ લેવાની હતી તેમજ રાષ્ટ્ર પ્રત્યે વિદ્યાર્થીઓમાં ઊંડી ભાવના જાગે એવા કાર્યો પણ ખૂબ જ સારી રીતે નિભાવેલ છે પોતે ઉચ્ચ અભ્યાસ કરીને વિદ્યાર્થીઓને પણ ભારત સરકારનું ગૌરવ બને એ રીતે શિક્ષણનીતિ અપનાવીને વિદ્યાર્થીઓને આગળ લઈ આવવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છે છેલ્લા ૩૧ વર્ષથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે ફરજ નિભાવી રહ્યા છે ખરેખર આવા શિક્ષકો ભારત રત્ન સમાન છે કારણ કે સારા શિક્ષકો જ દેશનું ભવિષ્ય છે જે દેશની અંદર નવા શિક્ષણ પ્રયોગો નવી શિક્ષણ નીતિ દેશનું અર્થતંત્ર તેમજ દેશને શાંતિ અને સુલેહવડે આગળ લઈ જઈ શકે છે આવા સારા શિક્ષકોને સકાસીએ હંમેશા પુરસ્કૃત કરવા જોઈએ. આજે શિક્ષણનો ભાર વિદ્યાર્થીઓ ઉપર એટલો વધી ગયો છે એક તો પુસ્તકોના વજનો તેમજ એ પુસ્તકોની અંદર રહેલા ગુઢ વિષયોને સમજવામાં ખૂબ જ અગવડો પડી રહે છે એ અગવડ ને કઈ રીતે સગવડમાં ફેરવી એ આવા શ્રેષ્ઠ શિક્ષકો વડે જ નવતર પ્રયોગો દ્વારા સફળ બનાવી શકાય છે કારણ કે શિક્ષણ જગત જો મજબૂત હશે તો ભારતનું નામ વિશ્વ લેવલે મોખરે થશે માટે શિક્ષણ જગતને પ્રગતિશીલ બનાવવું જોઈએ તેમજ શિક્ષણ ક્ષેત્રમાં સરકાર દ્વારા જે પણ વિશેષ યોગદાન આપી શકાય એમ હોય તો જરૂર આપવું જોઈએ તેમજ દર વર્ષે આવા શિક્ષકોને સારા શિક્ષણ અભ્યાસ કરાવનાર તરીકે સન્માનિત કરવા જોઈએ રાજ્ય સરકારનો એવોર્ડ હોય કે પછી જિલ્લા કક્ષાનો હોય સન્માનિત અવશ્ય કરવા જોઈએ તેમજ શાળાની અંદર શિસ્તબદ્ધ શિક્ષણ અને ઉચ્ચતર અભ્યાસ તેમજ સભ્યતા અને સ્વચ્છતા તેમજ પ્રકૃતિ વિશે પણ વિજ્ઞાન સાથે જ્ઞાન આપવું જોઈએ.

અર્થશાસ્ત્ર જેવા વિષય પર આધારિત કેઆરપી અને આરપી પર પણ શ્રી પંકજભાઈ મહેન્દ્રભાઈ દહિસરીયા વડે હું અભ્યાસ કરેલ છે .

રાષ્ટ્રીય સેવા સંઘ સાથે પણ જોડાયા રહ્યા છે એવી સારી કામગીરી બજાવેલ છે વિદ્યાર્થીઓને કુદરતી આફતમાં કેવી રીતે સાવજ રહેવું એ માટે પણ ખૂબ જ સારું જ્ઞાન આપે છે તેમજ દેશમાં ક્યારે પણ કોઈપણ જાતની મહામારી તેમજ કોઈ માનવકૃત તોફાનો થાય એ અંગે પણ સારું શિક્ષણ આપે છે જેના કારણે આવી મુસીબતો માંથી કઈ રીતે બહાર નીકળવું સંપૂર્ણ રીતે ઑ ફ્લી ની ચેનલો વડે પણ માહિતગાર કરે છે

બાળકોને કઈ રીતે શિક્ષણ પ્રત્યે રસ જાગે અને કઈ રીતે સરળતાથી એ વિષયને સમજી શકે એવા સતત પ્રયત્ન કરતા રહ્યા છે પોતે ખૂબ જ સરળ સ્વભાવના શિક્ષક છે અને માધાપરની શાળામાં સતત પોતે પોતાનું સારું યોગદાન આપી રહ્યા છે

ખરેખર આવા શિક્ષકો ભારતના આવનારા ભવિષ્ય માટે પણ ઉત્તમ વિદ્યાર્થીઓની ભેટ આપે છે માત્ર નવતર પ્રયોગો જ નહીં પરંતુ અભ્યાસ પ્રત્યે એની રુચિ ને જાળવી રાખે છે તેમજ બાળક શારીરિક માનસિક રીતે સ્વસ્થ રહે એવા ઉમદા હેતુ સાથે શિક્ષણ આપી રહ્યા છે.

ખરેખર તો આવા શિક્ષકને એમની આવી શ્રેષ્ઠ કામગીરી માટે ભારત સરકારનો એવોર્ડ એનાયત કરવો જોઈએ. કારણકે આવા શિક્ષકો સંપૂર્ણપણે શિક્ષણ માટે સમર્પિત છે માટે તેમનું સન્માન કરવું એ રાષ્ટ્રીય ફરજ પણ છે એમનું સન્માન થશે તો રાષ્ટ્રનુ એક શિક્ષણનું મજબૂત સોપાન પ્રદાન કરશે જે ભારતને પ્રગતિશીલ દેશોની શ્રેણીમાં આગળ લઈ જશે. નીતિન પંડ્યા માધાપર દ્વારા આ રજૂ કરેલ છે

ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના સહયોગથી ભાવનગરમાં મહિપતસિંહ જાડેજાનું ‘નેપાળ આર્ટ ઓફ ટેમ્પલ’ ફોટો પ્રદર્શન યોજાશે

ભાવનગરના ફોટોગ્રાફર અને પત્રકાર મહિપતસિંહ જાડેજા દ્વારા ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના સહયોગથી ‘નેપાળ આર્ટ ઓફ ટેમ્પલ’ નામના વિશેષ ફોટોગ્રાફી પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન તા. ૧૬, ૧૭ અને ૧૮ ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન યોજાશે. નેપાળનાં ભવ્ય મંદિરો, તેમની અનોખી સ્થાપત્યકલા અને સાંસ્કૃતિક વારસાની ઝાંખી કરાવતા આ પ્રદર્શનમાં કલાપ્રેમીઓ અને નગરજનોને અનોખો અનુભવ માણવાની તક મળશે.

આ ફોટોગ્રાફી પ્રદર્શનનું ઉદ્ઘાટન તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ સાંજે ૫ વાગ્યે કરવામાં આવશે. ત્રણ દિવસ ચાલનારા આ પ્રદર્શનમાં નેપાળનાં ઐતિહાસિક અને ભવ્ય મંદિરોની સુંદર તસવીરોના માધ્યમથી ત્યાંની સ્થાપત્યકલા, શિલ્પકલા અને સાંસ્કૃતિક વૈવિધ્યને રજૂ કરવામાં આવશે.ફોટોગ્રાફર અને પત્રકાર મહિપતસિંહ જાડેજા દ્વારા તૈયાર કરવામાં આવેલા આ પ્રદર્શનનો મુખ્ય ઉદ્દેશ ફોટોગ્રાફીના માધ્યમથી નેપાળના સમૃદ્ધ મંદિર વારસા અને તેની કલાત્મક વિશેષતાઓને લોકો સમક્ષ લાવવાનો છે.આ પ્રદર્શન દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ યોગદાન આપનાર મહાનુભાવો મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. જેમાં ડૉ. ચિન્મય શાહ (ડીન, મેડિકલ કોલેજ, ભાવનગર), હિમાચલભાઈ મહેતા (કલાના પ્રોત્સાહક), અમૂલભાઈ પરમાર (ગૌરવ પુરસ્કૃત), ડૉ. ગણેશ બારૈયા (સર્જી હોસ્પિટલ), પંકજસિંહ વાળા (મયુર ઓઈલ મિલ), પ્રિયલ ભટ્ટ (ગુજરાતી ફિલ્મ અભિનેત્રી), ડૉ. શિલ્પા દોશી (ડિપાર્ટમેન્ટ ઓફ એનેસ્થેશિયા), કુલદીપસિંહ ચુડાસમા (યુવા અગ્રણી) તથા લગધીરસિંહ જાડેજા (બિઝનેસમેન) સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.આ ત્રણ દિવસીય પ્રદર્શન દરમિયાન વિશેષ મહેમાનો તરીકે કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણીયા, હરૂજી રીમાબા ઝાલા (મહુવા), ભાગ્યશ્રીબા ઝાલા (ભરતનગર), ડી. યુ. સુનેસરા સાહેબ તથા વર્લ્ડ યોગ ચેમ્પિયન હેતસ્વી સોમાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. ‘નેપાળ આર્ટ ઓફ ટેમ્પલ’ ફોટો પ્રદર્શન માત્ર તસવીરોનું પ્રદર્શન નહીં, પરંતુ નેપાળના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને નજીકથી જાણવાની એક વિશેષ તક બની રહેશે. મંદિર સ્થાપત્યની બારીકીઓ, કોતરણીની કળા અને પ્રાચીન વારસાની સુંદરતાને તસવીરોના માધ્યમથી રજૂ કરતું આ આયોજન ભાવનગરના કલાપ્રેમીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનવાની અપેક્ષા છે.ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના સહયોગથી યોજાનારા આ પ્રદર્શનમાં ભાવનગર સહિત આસપાસના વિસ્તારના નાગરિકો, ફોટોગ્રાફીના શોખીનો, કલાકારો, વિદ્યાર્થીઓ અને કલાપ્રેમીઓને મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેવા આયોજક મહિપતસિંહ જાડેજા દ્વારા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ઇંદોરથી અમદાવાદ આવતી ટ્રાન્સપોર્ટની ટ્રકમાંથી ૧૦.૧૧ લાખના પાર્સલની ચોરી, ડ્રાઇવર સામે ગુનો નોંધાયો



અમદાવાદમાં ઈન્દોરથી આવેલા શ્રીનાથ કાર્ગોના ટ્રકમાંથી ?૧૦.૧૧ લાખના ૪ કિંમતી પાર્સલ ચોરી કરીને ડ્રાઇવર અફઝલખાન ગુલહસનખાન ફરાર થઈ ગયો છે. પીપળજ પીરાણા રોડ પર જે એન્ડ કે લોજિસ્ટિક પાર્કમાં આવેલી શ્રીનાથ કાર્ગો પ્રા. લિ.ના સંચાલક હબીબ ઉમડિયાએ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા, પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.ઈંદોરથી અમદાવાદ વચ્ચે ચાલતી ટ્રાન્સપોર્ટની ટ્રકમાંથી ૧૦.૧૧ લાખ રૂપિયાની કિંમતના ૪ કિંમતી પાર્સલ ચોરી કરી ડ્રાઇવર ફરાર થઈ ગયો હતો. આ મામલે પીપળજ પીરાણા રોડ પર જે એન્ડ કે લોજિસ્ટિક પાર્કમાં આવેલી ‘શ્રીનાથ કાર્ગો પ્રા. લિ.’ના સંચાલક હબીબ ઉમડિયાએ ટ્રક ડ્રાઇવર અફઝલખાન ગુલહસનખાન સામે ચોરી અને વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.મળતી માહિતી અનુસાર, ૨૪મી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ વહેલી સવારે પાંચ વાગ્યે શ્રીનાથ કાર્ગોની ટ્રક ઈંદોરથી અલગ-અલગ કંપનીઓના કુલ ૨૫ પાર્સલ ભરીને અમદાવાદ આવવા નીકળી હતી. આ ટ્રક ડ્રાઇવર અફઝલખાન ગુલહસનખાન ચલાવી રહ્યો હતો. બપોરે આશરે ત્રણ વાગ્યે ટ્રક પીપળજ ખાતેની ઓફિસે પહોંચ્યા બાદ માલ ખાલી કરતી વખતે ‘મા એન્ટરપ્રાઇઝ’ના ૬ પાર્સલમાંથી માત્ર ૨ પાર્સલ મળ્યા હતા અને ૪ પાર્સલ ગાયબ હતા.ઈંદોર ઓફિસ ખાતે ખરાઈ કરતા તમામ ૨૫ પાર્સલ ટ્રકમાં લોડ કરાયા હોવાનો વીડિયો પણ સામે આવ્યો હતો. આ અંગે ડ્રાઇવર અફઝલખાનની પૂછપરછ કરાતાં તેણે અજાણ હોવાનો ડોળ કર્યો હતો.

બ્રાન્ડેડ કંપનીના નકલી મોબાઈલનું કૌભાંડ ઝડપાયું



અમદાવાદના ગીતામંદિર જી બસ સ્ટેશન માર્કેટમાં ડુપ્લિકેટ મોબાઈલ ફોનનું વેચાણ ઝડપાયું છે. ન્ઝમ્ ઝોન-૬ની ટીમે દરોડો પાડી ૧૦૩૪ નકલી ફોન, લેપટોપ અને એસેસરીઝ સહિત કુલ ૭.૦૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો. બ્રાન્ડેડ કંપનીના અધિકૃત પ્રતિનિધિની તપાસમાં આ ફોન નકલી હોવાનું ખુલ્યું. કાગડાપીઠ પોલીસે ૧૪ વેપારીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.અમદાવાદના ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેશન માર્કેટમાં આવેલી મોબાઈલ દુકાનોમાં બ્રાન્ડેડ કંપનીના લોગોવાળા ડુપ્લિકેટ મોબાઈલ ફોનનું ધૂમ વેચાણ થતું હોવાનો પર્દાફાશ થયો છે. એલસીબી ઝોન-૬ની ટીમે દરોડો પાડી બિલ વગરના બ્રાન્ડેડ કંપનીના ૧૦૩૪ નંગ મોબાઈલ ફોન, લેપટોપ અને એસેસરીઝ સહિત કુલ ૭.૦૭ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બ્રાન્ડેડ કંપનીના અધિકૃત પ્રતિનિધિ દ્વારા તપાસ કરાતાં આ ફોન નકલી હોવાનું સામે આવતાં કાગડાપીઠ પોલીસે ગીતામંદિર માર્કેટના રિટેલ વેપારીઓ અને કાલુપુર રિલીફ રોડના જથ્થાબંધ સપ્લાયર્સ સહિત ૧૪ વેપારીઓ સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે આવેલી મોબાઈલ માર્કેટમાં ગ્રાહકો સાથે છેતરપિંડી આચરી ડુપ્લિકેટ મોબાઈલ વેચાતા હોવાની માહિતીના આધારે એલસીબી ઝોન-૬ની ટીમે અગાઉ જાણવા જોગ હેઠળ કાર્યવાહી કરી તપાસ હાથ ધરી હતી.



ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ



NOGSS NO. 209
વિષય — નવરાત્રિ શ્રધ્ધાનાં દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો.
પ્રકાર — પદ્ય.
શીર્ષક— વરસે આશિષ તારાં
શબ્દો—૧૫૧

નવલાં નોરતાં આવ્યાં,દીપ શ્રધ્ધાનાં પ્રગટે;
મા તારી આરાધના કરવાનાં કોડ જાગે.

પરંપરાગત નવરાત્રિ બાળ તારાં ઉજવે;
વ્રત, ઉપવાસ વંદન કરી માતાને રીઝવે.
બાળનાંહૈયાનાં કોડ,માતા આનંદથી પૂરે;
પેઢી દરપેઢી સંસ્કૃતિનો દિપ જલતો રહે.
મા- બાળકનો આ અતૂટ પ્રેમનો આનંદ;
વરસતાં રહે રૂડા આશિષ સદા બાળ પર.
શ્રધ્ધાનો દીપ અંતરમાં રહે ઝળહળતો;
ભક્તિભાવ ધરી યાદ કરે,મા તારાં બાળકો.
રમઝટ લેવાતાં રાસ ગરબા,સૂર સંભળાય;
પેઢી દર પેઢી આમ માતાજીની આરાધના થાય.
'સ્વધા' વિનંતિ કરે મા,સદા કરો અંતરમાં વાસ અમારાં;
સંતાન તારા કરી ભક્તિ,પામે સદા પ્રસન્નતા.

સુધા જે. પુરોહિત સ્વધા હોનોલુલૂ અમેરિકા.
★★★★★★★
NOG. SS No: 194
વિષય : નવરાત્રીઃ શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : નવરાત્રી : માતૃશક્તિ પ્રત્યે આદરનું મહાપર્વ
પ્રકારઃગદ્ય,શબ્દઃ ૩૫૦

ભારતીય સંસ્કૃતિ ઉત્સવો અને પર્વોની પવિત્ર ભૂમિ છે. આ ઉત્સવોમાં ગુજરાત અને સમગ્ર ભારતનું સહુથી તેજોમય, ભક્તિમય અને જીવંત પર્વ એટલે નવરાત્રી. શરદ ઋતુના આગમન સાથે આવતો આ નવરાત્રીનો મહોત્સવ માત્ર એક તહેવાર નથી, પરંતુ શ્રદ્ધા, ભક્તિ, શક્તિ અને આપણી પ્રાચીન સંસ્કૃતિના સાતત્યનો એક અમર વારસો છે.
નવરાત્રી એટલે શક્તિના નવ સ્વરૂપોની ભક્તિ કરવાનો અવસર. પૌરાણિક માન્યતા મુજબ, જગતજનની મા અંબાએ અસુર મહિષાસુરનો સંહાર કરીને અધર્મ પર ધર્મનો અને અંધકાર પર પ્રકાશનો વિજય અપાવ્યો હતો. આ નવ દિવસો દરમિયાન ભક્તો મા શૈલપુત્રીથી લઈને મા સિદ્ધિદાત્રી સુધીના નવદુર્ગાના સ્વરૂપોની આરાધના કરે છે. વ્રત, ઉપવાસ અને મંત્રોચ્ચાર દ્વારા સાધકો પોતાની આંતરિક શક્તિઓને જાગ્રત કરે છે.ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી પણ નવરાત્રીના ઉપવાસ કરે છે. સાથે અસંખ્ય લોકોય ઉપવાસ કરે છે અને કાર્યરત રહે છે એ ભક્તિની શક્તિ છે.

માતાજીની સામે પ્રજ્વલિત કરવામાં આવતો ગરબો જે છિદ્રવાળો માટીનો ઘડો હોય છે.જેમાં દીપક પ્રગટાવવામાં આવે છે. એ આ સંસ્કૃતિનું હૃદય છે. આ દીપક એ આપણી આત્મા, જ્ઞાન અને ભક્તિનું પ્રતીક છે. જેવી રીતે ઘડામાં પ્રગટેલો દીપક અંધકારને દૂર કરે છે, તેવી જ રીતે નવરાત્રીની શ્રદ્ધા મનના અજ્ઞાન અને નકારાત્મકતાને ભસ્મીભૂત કરે છે.

નવરાત્રીની ખરી ઓળખ તેના પરંપરાગત લોકનૃત્ય 'ગરબા' અને 'રાસ'માં સમાયેલી છે. તાળીઓના તાલ, ઢોલના નાદ અને માતાજીના ગરબાના મધુર સૂર સાથે જ્યારે ભાવિકો વર્તુળાકારમાં રમે છે, ત્યારે તે દ્રશ્ય અદભુત બને છે. ગરબાનું વર્તુળ દર્શાવે છે કે સૃષ્ટિનું કોઈ આદિ કે અંત નથી, શક્તિ જ સૃષ્ટિનું કેન્દ્ર છે. ચણિયાચોળી, કેડિયા-ધોતી, રબારી, ભરવાડીવસ્ત્રો,આભલાં-મોતીથી મઢેલા વસ્ત્રો, આપણી પ્રાચીન હસ્તકળા અને પરંપરાને જીવંત રાખે છે.જ્ઞાતિ, જાતિ કે ઊંચ-નીચના ભેદભાવ ભૂલીને સહુ એક સાથે મા અંબાના ગરબે ઘૂમે છે.સૌરાષ્ટ્ર બાજુ પુરુષો ગરબી રમે છે. ખુલ્લી તલવાર સાથે જુસ્સાભેર થતા ગરબા શૌર્યતા સૂચવે છે.

આજે જ્યારે સમય બદલાઈ રહ્યો છે, ત્યારે પણ નવરાત્રી આપણી યુવા પેઢીને પોતાની સંસ્કૃતિ સાથે જોડી રાખવાનું ભગીરથ કાર્ય કરે છે. યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબાને સાંસ્કૃતિક વારસા તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, જે આ તહેવારની વૈશ્વિક પ્રતિષ્ઠા અને તેની સાંસ્કૃતિક ઊંડાણની સાબિતી છે.

નવરાત્રી એ માત્ર નાચવા-ગાવાનો ઉત્સવ નથી, પરંતુ તે માતૃશક્તિ પ્રત્યે આદરનું મહાપર્વ છે. શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત આ સંસ્કૃતિનો વારસો સદીઓથી અવિરત વહેતો રહ્યો છે અને આવનારી પેઢીઓને પણ ભારતીય સંસ્કૃતિના સાચા મૂલ્યોની પ્રેરણા આપતો રહેશે.

નામ : ખ્યાતિ જીગર દેસાઈ. અમદાવાદ.
★★★★★★
NOG SS 205
વિષય : શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ માતાજી ના મઢે ભક્તિ નો રંગ
શબ્દ : ૨૦૦
પ્રકારઃ પદ્યે

આવ્યું સુંદર જગદંબાનું, પાવન પર્વ નવરાત્રિ,
ભક્તિ રસમાં ભીંજાઈ આજે, ઝળહળી ઉઠી આ રાત્રિ.
?ઘૂમે ગરબે ખેલૈયા ને, ગૂંજે ચારેકોર ઉમંગ,
માતાજીના મઢ આગળ જામ્યો, શ્રદ્ધાનો રૂડો રંગ.
?ખમ્મા ખમ્મા મુખથી બોલે, ભક્તો વારે વાર,
માના ધૂપ-દીપ ને સિંદૂરથી, મહેકે મઢ દરબાર.
?ડમરુ વાગે દિન-રાત ને, વાગે મધુરા ડાક,
તાલ પૂરતી ઝાંઝ મંજીરા, પૂરે માની હાક.
?ડાકના તાલે રમતા માતા, આપે સૌને આશિષ,
મઢે આવી માના ચરણે, નમાવે દુનિયા શીશ.
?દૂર કરે સૌ દુઃખડાં મા તો, રાખે સદા સહાય,
જય બહુચર, જય અંબા બોલી, જગત આખું હરખાય.
?સંદેશઃ માતાજી આપ સૌના જીવનમાં આનંદ, આરોગ્ય અને સુખ-શાંતિ આપે તેવી આ પથીક માતાજી ને કરે પ્રાર્થના

કવિ પથીક ઊર્ફે વિજયસિંહ બાબુભા ઝાલા ઢવાણા હળવદ
★★★★★★★
NOG SS No 387
વિષયઃ નવરાત્રીઃ શ્રધ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ"માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો!"
પ્રકારઃગદ્ય,શબ્દોઃ૩૪૭

પૃથ્વી ગોળ છે.અને ગોળાકાર ફરતો/ઘુમતો સૌથી લાંબો સમય(૯દિવસ)ચાલતો વિશ્વનો એક માત્ર તહેવાર+શક્તિના વિવિધ સ્વરૂપોની ઓળખ આપતો અસત્ય પર સત્યનો વિજયનો ઉત્સવ એટલે નવરાત્રી.મહિષાસુર નામના દૈત્યને મારવા સમગ્ર દેવોના આહવાનથી મા એ પોતાના બાળકોની(માનવજાત) રક્ષા કાજે સતત નવ દિવસ તુમુલ યુદ્ધ કરી મહિષાસુરના ત્રાસમાંથી સૌને ઉગાર્યો તે દિવસ એટલે વિજયાદશમી!રામે પણ રાવણ પર વિજયાદશમીએ વિજય મેળવ્યો હતો.અંધકાર પર પ્રકાશ નો વિજય પણ કહી શકાય -વણજોયુ મુહૂર્ત ગણાય છે.આ દિવસો દરમ્યાન માના ગુણ ગાન તેની ગોળ ફરતે ગરબા,તાલી,ઢોલી, સ્તવન,હવન,ભોજન(પ્રસાદ)યજ્ઞ, સાથે પરંપરાગત પરિધાન ધારણ કરી સુંદર રીતે તૈયાર થઈને ખૂબ આનંદ ઉલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવે છે.ગરબે ફરતાં દરેક માઈભક્તો કાણાં વાળા માટીના ગરબાનુ સ્થાપન કરીને, તેમાં દીપ પ્રગટાવીને જ ગરબે ઘૂમે છે.આ ગરબો એટલે બ્રહ્માંડનું પ્રતિક અને દીપ એટલે આપણો આત્મા! અદભૂત+અનમોલ શીખ આપતો આપતો નવરાત્રીનો તહેવાર ખરેખર શ્રધ્ધાના દીપથી સંસ્કૃતિનો અમૂલ્ય વારસાનો રક્ષક ગણાય

આખાય બ્રહ્માંડમાં (ગરબો)આપણી અંદર દીપ(આત્મા) પ્રજ્વલિત છે ત્યાં સુધી જ તેની વેલ્યુ છે.તેવી ઊંડી સમજ સાથે જાગૃત રહેવું જોઈએ.
નવરાત્રી દરમ્યાન શરીરની શુદ્ધિ અને મનની એકાગ્રતા સધાય છે.જો થઈ શકે તો! નહીંતર પોઝિટિવ સહયોગ પણ ઉત્તમ વ્રત છે જ.યુવાનો માટે સ્વ ટેલેન્ટનુ માધ્યમ છે અને વડીલો માટે ભક્તિ અને શ્રદ્ધાથી પૂર્ણ ઉજવણીનો અવસર છે.
કોઈ પણ જાતના ભેદભાવ વગર નવરાત્રીનો ઉત્સવ સૌ આનંદ ઉલ્લાસથી ઉજવી માતાજીના આશીર્વાદ મેળવી શકે છે.ચણિયાચોળી, કેડિયા, ઝભ્ભો, ડેકોરેશન,લાઈટ સાઉન્ડ, નાસ્તા, ભોજન, ગરબાના આયોજકો એમ વિવિધ ધંધા રોજગારને કારણે રોજીરોટીનુ પણ કારણ બને છે.આપણા દરેક ધાર્મિક તહેવારો દર્શન (ઈશ્વરના) માટે નાં હોય છે નહીં કે પ્રદર્શનના !એની સૌએ કાળજી કરી આપણી ધરોહરનુ યોગ્ય જતન કરી ભાવી પેઢીને તેની બાગડોર હાથમાં આપવાની છે.નવરાત્રીનો તહેવાર આનંદની સાથે તનમનની શુધ્ધિ તથા સંધભાવના અને સંબંધોની હૂંફ પણ મજબૂત કરે છે.
"શ્રધ્ધાના દીવડાને જલતો તું રાખજે,
નિશદિન સ્નેહ કેરું તેલ એમાં પૂરજે!
મનના મંદિરીયે જોજે અંધારું થાય ના...
ઝાંખો ઝાંખો દીવો મારો જોજે રે બુઝાય ના...
નૈયા ઝુકાવી મેં તો જોજે ડૂબી જાય ના..."
"આદ્ય શક્તિ -અમારી ભૂલો માફ કરીને સૌનું કલ્યાણ કરજો મા "
" આજની મારી રચનાના શીર્ષકને
આભાર - નિહારીકા રવિયા સાર્થક કરવાની અમને સૌને ભક્તિ અને શક્તિ દેજો મા"
જય અંબે
પુનિતા બેન -અમદાવાદ
★★★★★★★
NOG SS NO : 419
વિષય : શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : શ્રદ્ધાનો દીવડો અથવા આસ્થાનો ઉજાસ
પ્રકાર : પદ્ય
શબ્દો : ૧૦૨

આસોની આ નવલી રાતે, માડી તારો ગરબો ઘૂમે,
ભક્તોના હૈયે હરખ ન માય, શ્રદ્ધાથી ચરણો ચૂમે.
માટીના એ નાનકડા કોડિયામાં, આસ્થાનો દીપ પ્રગટે છે,
અંધકારને ચીરી જગમાં, ભક્તિનો પ્રકાશ પ્રસરતો રહે છે.
નવ-નવ રૂપે તેં જગ તાર્યું, હે જગદંબા કલ્યાણી,
તારા તેજથી ઝળહળે સંસ્કૃતિ, વેદ-પુરાણોની વાણી.
તાલીઓના તાલે આજે, આખુંય વિશ્વ ડોલી રહ્યું,
આરાધનાના પવિત્ર અજવાળે, હૈયું ભક્તિમાં ખોલી રહ્યું.
દિશાઓમાં ગુંજે અંબેનો નાદ, ભક્તોનો આ કેવો ઉલ્લાસ,
માડી, રાખજે અખંડ તારા ચરણોમાં અમારો આ વિશ્વાસ!

અક્ષય.ડી.રામી/માલી
રાજપીપળા
★★★★★★
NOG SS NO.:101
વિષયઃ નવરાત્રિઃ શ્રદ્ધાના દીપથી પ્રજ્વલિત સંસ્કૃતિનો વારસો
શીર્ષક : નવરાત્રિઃ રાસ-લાસ્ય, ભક્તિ
પ્રકારઃલેખ શબ્દોઃ૩૫૦
ભારતીય સંસ્કૃતિ એ ઉત્સવો અને આધ્યાત્મિક સાધનાનો સુભગ સમન્વય છે, જેમાં નવરાત્રિનું સ્થાન અદ્વિતીય છે. નવરાત્રિ માત્ર નૃત્ય કે સંગીતનો ઉત્સવ નથી, પરંતુ તે ભક્તિ, સાધના અને શ્રદ્ધાના પ્રજ્વલિત દીપથી ઝળહળતો સંસ્કૃતિનો અમૂલ્ય વારસો છે.
જેમ ક્ષિતિમોહન સેન જેવા કળામંજરીઓએ નોંધ્યું છે, નવરાત્રિએ ગુજરાત અને સૌરાષ્ટ્રની કળાને એક નવું જ પરિમાણ આપ્યું છે. માતાની આરાધનામાં લીન થઈને જ્યારે સ્ત્રીઓ મસ્તક પર ગગનમંડળ જેવા ગરબા અને અખંડ દીપ ધારણ કરીને ઘૂમે છે, ત્યારે તે માત્ર એક નૃત્ય રહેતું નથી પરંતુ સ્વયં જગદંબા શક્તિનું પ્રતીક બની જાય છે. પૌરાણિક કથા મુજબ પાર્વતીજીએ પણ ઉષાને રાસ-લાસ્યના પાઠ શીખવ્યા હતા, અને દ્વારિકાની રાજકન્યાઓએ પણ આ ગરબે ઘૂમવાની દીક્ષા લીધી હતી. ગરબે ઘૂમવાથી દિવસભરનો થાક ઊતરી જાય છે અને હૃદયમાં એક અનોખી સ્ફૂર્તિ અને આનંદ પ્રગટે છે.
ગરબાનો અખંડ દીપ પ્રકાશનું પ્રતીક છે. સામૂહિક ભક્તિભાવ સાથે ગવાતા ગરબા હૃદયમાં પવિત્રતાનો સંચાર કરે છે. નવરાત્રિ એ માત્ર પરંપરાની ઉજવણી નથી, પરંતુ સંસ્કૃતિ, શ્રદ્ધા અને સમર્પણ દ્વારા મા આદ્યાશક્તિનો સાક્ષાત્કાર કરવાનો દિવ્ય અવસર છે.
'નવરાત્રિ' શબ્દ માત્ર નવ દિવસોની સંખ્યા જ નહીં, પરંતુ જીવનમાં નવતા અને નવચૈતન્ય સૂચવે છે. શ્રાધ્ધના વિષાદ અને અવસાદના દિવસો પૂરા થયા પછી તરત જ આવતી નવરાત્રિ માનવ મનને જીવંતતા અને ઉલ્લાસ તરફ લઈ જાય છે. શાસ્ત્રોમાં તંત્રનો અર્થ 'વ્યવસ્થા' અને 'માતાની આરાધના' બતાવ્યો છે. 'ત્રિપુરા રહસ્ય' જેવા ગ્રંથોમાં પણ એક જ તંત્રનો આશ્રય લઈ પૂર્ણ શ્રદ્ધાથી સાધના કરવાનું મહત્વ સમજાવવામાં આવ્યું છે. માતૃભક્તિ એ સૌથી સરળ અને કષ્ટમુક્ત સાધના છે, કારણ કે મા પોતાના બાળકના કષ્ટ જોઈ શકતી નથી.
ચંડીપાઠમાં દેવીના વિવિધ સ્વરૂપોનું સુંદર વર્ણન છે:
"યા શ્રીઃ સ્વયં સુકૃતિનાં ભવનેષ્વાલક્ષ્મીઃ પાપાત્મના, કૃતધિયાં હૃદયેષુ બુદ્ધિઃ। શ્રદ્ધા સતાં, કુલજનપ્રભવસ્ય લજ્જા, તાં ત્વાં નતાઃ સ્મ પરિપાલય દેવી વિશ્વમ્?"
આ શ્લોક દર્શાવે છે કે જગત અંબા સ્વયં લક્ષ્મી, બુદ્ધિ, શ્રદ્ધા અને લજ્જા રૂપે સમગ્ર ચરાચરમાં વિરાજે છે. નવરાત્રિ એ વાસ્તવમાં નારી શક્તિ, સંસ્કૃતિ અને માતૃત્વની પ્રતિષ્ઠાનો ઉત્સવ છે. પત્ની સાથે રહીને કરાતી શક્તિસાધના આધ્યાત્મિકતાની પરાકાષ્ઠા ગણાય છે.
આમ, નવરાત્રિ એ માનવ મનને મૃત્યુ કે અવસાદના ભયમાંથી મુક્ત કરી, જગજનની આદ્યશક્તિના ચરણોમાં શ્રદ્ધાનો દીપ પ્રજ્વલિત કરી જીવનને ઉત્સવમય બનાવવાનું પાવન પર્વ છે.

ભરત સાંગાણી (અમદાવાદ)
★★★★★★★ **NOGSS:168**
વિષયઃશ્રદ્ધાના દીપ થી પ્રજવલીત સંસ્કૃતિનો વારસો
શીર્ષકઃ બચાવીએ આધ્યાત્મ સંસ્કૃતિને
પ્રકારઃપદ્ય શબ્દોઃ૯૦

આપણી સનાતન સંસ્કૃતિ, આપણી ઓળખ છે,
શ્રદ્ધાના દીપ થી સદા એને પ્રજવલિત રાખીશું.

આપણી શ્રદ્ધા આડે નાં જાય એવા કર્મ કરીશું,
માની અર્ચના પૂજા ભક્તિ નવધા ભક્તિથી કરીશું.

માં પવિત્રતાની દેવી શક્તિ અમોને વારસામાં મળી છે,
પવિત્રતાનું શણગાર કરી મા અંબાના શરણે જઈશું

આધ્યાત્મ નવરાત્રી શક્તિ, શક્તિ નું સન્માન કરીશું,
પવિત્ર રહીને પવિત્ર ખાઈને સંસ્કૃતિને જાળવીશુ.

મળેલી છે વારસામાં ભારતીય સંસ્કૃતિ અમોને ,
અસ્ત્ર શસ્ત્ર આસ્થા સાથે માના ગરબા ગાઈશું.

હશે અમારી સનાતન સંસ્કૃતિ ની ઓળખ પવિત્ર,
તો કોઈ અપવિત્ર વિધર્મી આત્માને અડી નહીં શકે.
બ્ર.કુ. ડો કનૈયાલાલ માલી "ઉત્સવ"

ખોવાયેલા માણ ભટ્ટઃતાબાના ઊંધા ઘડા પર વીંટીનાં ટકોરાથી સાદ-નાદ!(સંત સુરા)

માણ ભટ્ટ એટલે કોણ? લોકો સમજે છે થાળી વગાડીને ગાનારો. ના. અસલ માણ ભટ્ટ થાળી નથી વગાડતો. એ તાબાનો — તાંબાનો ઘડો વગાડે છે.

વિદ્યા શું છે?

ઘડાને ઊંધો વાળે. પેટ અને ઘૂંટણ વચ્ચે દબાવીને સ્થિર કરે. પછી બે હાથ નહીં, બે વીંટી વાગે. જમણા હાથની આંગળીમાં જાડી લોખંડ કે ચાંદીની અંગૂઠી. ડાબા હાથમાં વીંટી.

ઘડાના કાંઠા પર અંગૂઠીના ટોપથી ટકોરો મારે — તીણો સાદ નીકળે — ટિન... ટિન... જેને શાસ્ત્રમાં 'સાદ' કહે છે. અને ઘડાના પેટાળની વચ્ચે હથેળીના દબાણ સાથે ટકોરો મારે — ઊંડો, ઘેરો નાદ નીકળે — ગુંમ... ગુંમ... જેને 'નાદ' કહે છે.

સાદ અને નાદ — બંને એક જ ઘડામાંથી. આને લીધે માણ ભટ્ટને કોઈ સાજની જરૂર નથી. એ પોતે જ તબલું છે, પોતે જ પખવાજ છે, પોતે જ કથાકાર છે.

રાત આખી એ આ નાદ પર કથા કહે — રામાયણ, ભાગવત, નરસિંહના પ્રભાતિયા, પ્રેમાનંદના આખ્યાન. વચ્ચે વચ્ચે દોહા, વચ્ચે વચ્ચે ટકોરો.

મૂળ ક્યાંથી?

આ કળા ગુજરાતમાં બે ઠેકાણેથી આવી.

પહેલું જૂનાગઢ. નરસિંહ મહેતા પોતે માણ ભટ્ટ જેવા કથાકાર હતા. જૂનાગઢના ડુંગરોમાં, ગિરનારની તળેટીમાં આ ઘડાના તાલે ભજનો ગવાતા.

બીજું વડોદરા. રસકવિ પ્રેમાનંદ — જન્મ ૧૬૪૫ — એ આ કળાને શાસ્ત્ર બનાવ્યું. એ વડોદરાના હતા. પ્રેમાનંદે માણ પર આખ્યાનો ગાયા, લોકોને જોડ્યા. એટલે કહેવત પડી — જૂનાગઢે ભક્તિ આપી, વડોદરાએ વાણી આપી.

૪૦૦ વર્ષ સુધી આ પરંપરા ગુજરાતના ગામે ગામે જીવતી રહી. લગ્નમાં, નવરાત્રિમાં, શ્રાદ્ધમાં — માણ ભટ્ટ વગર કથા અધૂરી.

તો ખોવાઈ કેમ?
વડોદરાના પંડ્યા પરિવાર આજે આ કળાના છેલ્લા વારસદાર મનાય છે. એમણે જ કહ્યું છે — માણ ભટ્ટ બનતા સાત વર્ષ લાગે.

સાત વર્ષ કેમ? કારણ કે માત્ર ઘડા પર ટકોરા શીખવાથી માણ ભટ્ટ નથી બનાતું. સંસ્કૃત શીખવું પડે, પુરાણો કંઠસ્થ કરવા પડે, રાગનું જ્ઞાન લેવું પડે, અને વીંટીના ટકોરાનો રિયાઝ કરવો પડે — એટલો કે વીંટી ઘસાઈ જાય પણ સૂર ફાટે નહીં.

આજે કોને સાત વર્ષ છે? બધાને એક વર્ષમાં સ્ટેજ, યુટ્યુબ, માઈક જોઈએ છે. ઘડાની જગ્યાએ પેડ આવ્યું, વીંટીની જગ્યાએ સ્ટીક આવી.

દક્ષિણમાં ઘટમને સન્માન મળે છે, ગુજરાતમાં માણને કોઈ પૂછતું નથી.

શું બચ્યું?
તાબાનો ઘડો તો આજે પણ દરેક રસોડામાં છે. વીંટી પણ દરેક આંગળીમાં છે. પણ એ બેને જોડીને નાદ કાઢનારો હાથ નથી!

ખેર, માણ ભટ્ટ ખોવાયા નથી! એમનો ટકોરો આપણા કાનમાંથી ખોવાયો છે! એ પાછો લાવવો પડશે!
લેખકઃસુનીલ રાજેન્દ્ર બર્મન(સંત સુરા)સુરત

નિકોલમાં આવેલ સાત બહેનોનું અનોખું મંદિર...

અમદાવાદ : અમદાવાદના પૂર્વ વિસ્તાર ગણાતા એવા નિકોલમાં આઈ શ્રી ખોડિયાર માતાજીનું અનોખુંએવું મંદિર આવેલ છે અહી મૂળ મંદિર સાથે એમની સાત બહેનોનું મંદિર ભોંયરામાં આવેલ છે

શારદીય નવરાત્રિ એટલે શક્તિની ઉપાસનાના દિવસો. હિંદુ ધર્મમાં સ્ત્રી સ્વરૂપે ઉપાસાતી ઈશ્વરી શક્તિ અનેક સ્વરૂપે પૂજાય છે. સમગ્ર સંસારનું નિયમન કરનારી આદ્યાશક્તિ મા ભવાની, જગદંબા. આ આદ્યાશક્તિ એ જ મહામાયા કે મા દુર્ગા તરીકે જાણીતી છે. એ મૂળ પ્રકૃતિરૂપ અદિતિ છે અને ભગવતી, દેવી, શક્તિ, અંબિકા, પાર્વતી, દુર્ગા આદિ આ દૈવી વિભૂતિના અનેક અવતારો હોવાનું મનાય છે. સ્ત્રી શક્તિને દરેક દેશ રાજ્ય પ્રાંત પ્રમાણે અલગ અલગ નામ અને સ્વરૂપે પૂજવામાં આવે છે. એમાં ખોડિયાર માતા પણ હિંદુ ધર્મના એક દેવી છે. ખોડિયાર માતાજી જ્ઞાતિએ ચારણ હતા. એમનાં પિતાનું નામ મામડિયા અથવા મામૈયા અને તેમનાં



માતાનું નામ દેવળબા અથવા મીણબાઈ હતું. ખોડિયાર માતાને કુલ સાત બહેન અને એક ભાઈ હતાં. જેઓનાં નામ આવડ, જોગડ, તોગડ, બીજબાઈ, હોલબાઈ, સાંસાઈ, જાનબાઈ (ખોડિયાર) અને ભાઈ મેરખિયો અથવા મેરખો હતાં. એમનું વાહન મગર છે. એમનો જન્મ આશરે ૭મી સદીમાં મહા સુદ આઠમના દિવસે થયો હતો. જેથી એ દિવસે ખોડિયાર જયંતિ ઉજવવામાં આવે છે.

શકિત સ્વરૂપા ખોડિયાર માતાના મંદિરો અનેક જગ્યાએ છે. શ્રધ્ધાળુઓ દ્વારા આઈ શ્રી ખોડિયાર મંદિર અમદાવાદના નિકોલ ખાતે પણ બનાવવામાં આવેલું છે. નિકોલ ગામ પાસેના આ મંદિરની અનેક વિશેષતાઓ છે. મૂળ મંદિરની સાથે ભોયરામાં ખોડિયાર માતા સાત બહેનો સાથે બિરાજમાન છે. સૌથી મહત્વની વાત વિશાળ સંકુલ સાથેના આ મંદિરમાં પાટોત્સવ નવચંડી જેવી અનેક ધાર્મિક પ્રવૃત્તિઓ તો થાય છે. અહી શ્રધ્ધાની સાથે અનેક સેવાકીય પ્રવૃત્તિઓ થાય છે. જેમાં મફત શિક્ષણ, તબીબી સેવાઓ- આરોગ્ય લક્ષી ફ્રી કેમ્પ, સીનિયર સિટિઝન માટે વિના મુલ્યે પ્રવાસ, શિવણ વર્ગો, કોમ્પ્યુટર વર્ગો, દાનમાં આવેલી સાડીઓનું યોગ્ય જગ્યાએ મફત વિતરણ કરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. અમદાવાદના પૂર્વ વિસ્તારમાં ખોડિયાર મંદિર શ્રધ્ધા સાથે સેવાનું અનોખું ધામ છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલના પ્રાગણમાં પણ આઈ શ્રી ખોડિયારમાંનું મંદિર આવેલ છે અને એના પરચાથી કોઈ અજાણ નથી અહી નવરાત્રી દરમ્યાન ભક્તિ ભાવ પૂર્વક ગરબા થાય છે તેમજ વાર તહેવારે અહી મોટી ભીડ જામે છે. - વસંત મહેતા (સિનિયર પત્રકાર -લેખક)

ધાનેરાના લીમડા ચોક આવેલ ગેરકાયદેસર શોપિંગ સેન્ટર કોની મહેરબાનીથી ખોલવામાં આવી દુકાનો નગરપાલિકા દ્વારા નોટિસ આપવા છતાં દુકાનો ખુલી



ધાનેરા નગરપાલિકા વિસ્તારમાં આવેલા લીમડા ચોક પાસેના શોપિંગ કોમ્પ્લેક્ષના ગેરકાયદેસર બાંધકામ મુદ્દે ફરી એકવાર શહેરમાં ગરમાવો ફેલાયો છે. પાલિકા દ્વારા આપેલ તાજી નોટીસ બાદ આ મામલો ધાનેરામાં "ટોક ઓફ ધ ટાઉન" બની ગયો છે.મળતી માહિતી અનુસાર શીટ નં. ૩૫, સી.સ. નં. ૬૦૧, ૬૦૨ અને ૬૦૩ ખાતે શાહ સેજલબેન કલ્પેશભાઈ દ્વારા બનાવવામાં આવેલ કોમર્શિયલ શોપિંગ સેન્ટર અંગે વિવિધ અરજદારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તે રજૂઆતના આધારે ધાનેરા નગરપાલિકાએ તપાસ હાથ ધરી અને ગેરકાયદેસર બાંધકામ અંગે નોટીસ પાઠવી છે. પાલિકાની નોટીસ મુજબ, આ શોપિંગ કોમ્પ્લેક્ષનું બાંધકામ મંજુર થયેલ નકશા વિરુદ્ધ અને બાંધકામ પરવાનગીની શરતોનો ભંગ કરીને કરવામાં આવ્યું હોવાની રજૂઆત મળતા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. નગરપાલિકાએ માલિકને સૂચના આપી છે કે જો મંજુર થયેલ નકશાથી વિરુદ્ધ કોઈ બાંધકામ કરવામાં આવ્યું હોય તો તેને સ્વખર્ચે અને સ્વજોખમે દૂર કરી ૧૫ દિવસમાં આધાર પુરાવા સાથે જવાબ રજૂ કરવો પડશે, નહીં તો ગુજરાત નગરપાલિકા અધિનિયમ – ૧૯૬૩ તથા ઝપ્ઝઝઈ–૨૦૧૭ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે. આ સમગ્ર મામલાને વધુ ચર્ચાસ્પદ બનાવે છે તે બાબત કે, અગાઉ પાલિકા દ્વારા આ બાંધકામ અંગે કામકાજ બંધ કરાવવા માટે નોટીસ આપવામાં આવી હતી અને લગભગ બે વર્ષ સુધી આ શોપિંગ સેન્ટર બંધ રહ્યું હતું. પરંતુ ત્યારબાદ પાલિકાના તત્કાલીન ચીફ ઓફિસર રુડાભાઈ રબારી દ્વારા અગાઉની તારીખોમાં આ બંધ પડેલ બાંધકામને મંજૂરી આપવામાં આવી હોવાની ચર્ચા શહેરમાં જોરશોરથી ચાલી રહી છે. ચીફ ઓફિસર રુડાભાઈ રબારીની બદલી થયા બાદ નવા ચીફ ઓફિસર ગૌસ્વામી દ્વારા આ સમગ્ર મામલે ફરી તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસ બાદ ફરીથી શોપિંગ કોમ્પ્લેક્ષ બંધ રાખવા અને ગેરકાયદેસર બાંધકામ અંગે કાર્યવાહી કરવા માટે નોટીસ આપવામાં આવતા આ મુદ્દે ફરી એકવાર શહેરમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે. સ્થાનિક લોકોમાં પણ સવાલો ઊભા થયા છે કે જો બાંધકામ ગેરકાયદેસર હતું તો અગાઉ મંજૂરી કેવી રીતે મળી અને જો મંજૂરી યોગ્ય હતી તો હવે ફરી કાર્યવાહી શા માટે? આ સમગ્ર પ્રકરણ અંગે હવે પાલિકા તરફથી આગળ શું પગલાં લેવાય છે તેની પર સમગ્ર શહેરની નજર ટકેલી છે.



ડાંગ આહવા: તા: ૧૫: ડાંગ જિલ્લા આહવાના આદિવાસી સાંસ્કૃતિક ભવન ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી રાજેશભાઇ ગામીત તેમજ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વ ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતમા આજરોજ આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી આહવાની કચેરી દ્વારા ડી-સેગ પુરસ્કૃત કુષિ વૈવિધ્યકરણ યોજના (રવિ ઋતુ) અંતર્ગત ડાંગ જિલ્લાના આદિજાતિ ખેડૂતોને ખાતર-બિયારણ કીટ અને સરસ્વતી વિદ્યા સાધના યોજના અંતર્ગત આદિજાતિ વિદ્યાર્થીનીઓને સાયકલ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.

સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આશિર્વદ નો દીવો કાર્યક્રમનું આયોજન







પાલડી ખાતે આવેલ ગુજરાત સંશોધન મંડળમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે 'આશીર્વાદનો દીવો' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડીલોના આશીર્વાદ મેળવવા સાથે સમાજસેવા અને જનકલ્યાણના સંકલ્પને વધુ મજબૂત બનાવવાનો સંદેશ આપવામાં આવ્યો હતો.આ કાર્યક્રમ સાથે સદવિચાર પરિવાર વરિષ્ઠ ગૌરવ ગ્રુપના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈ લહેરી સાહેબ, મેન્ટર શ્રી સિદ્ધાર્થભાઈ માણકીવાળા, પુર્વ કાઉન્સિલર પૂજાબેન દવે તથા પ્રમુખ શ્રી નીતિનભાઈ શાહના, માર્ગદર્શન હેઠળ સદવિચાર પરિવારના પાલડી યુનિટનાં સંચાલિકા પૂર્ણિમાબેન શાસ્ત્રી દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો

શ્રીમતી એમ. એમ. એમ. પટેલ વિદ્યાલય, વાગરા ખાતે

કંસાઈ નેરોલેક કંપની દ્વારા CSR પ્રોજેક્ટ અંતર્ગત રંગરોગાન કાર્યક્રમ યોજાયો



વાગરા

શ્રીમતી એમ. એમ. એમ. પટેલ વિદ્યાલય, વાગરા ખાતે સામાજિક ઉત્તરદાયિત્વ (ઝજ્ઈ) પ્રોજેક્ટ અંતર્ગત 'કંસાઈ નેરોલેક' કંપની દ્વારા શાળાનું બાહ્ય રંગરોગાન કરવામાં આવ્યું છે.કંપનીના આ સરાહનીય પ્રયાસથી શાળામાં અભ્યાસ કરતા ૪૮૦ જેટલા વિદ્યાર્થીઓને સીધો લાભ મળશે અને તેમના માટે વધુ આકર્ષક, ઉત્સાહવર્ધક તથા પ્રેરણાદાયક શૈક્ષણિક વાતાવરણનું નિર્માણ થશે. આ ઉપરાંત, ગુણવત્તાસભર રંગરોગાનથી શાળાની ઇમારતનું પણ રક્ષણ થશે અને શાળાના ભૌતિક સૌંદર્યમાં નોંધપાત્ર વધારો થશે.આ પ્રોજેક્ટ દરમિયાન કંપનીના અધિકારીઓ અને પ્રતિનિધિઓ જેવા કે પરેશકુમાર પટેલ – જીં, શ્યામ મહેતા – રેસિન પ્રોડક્શન ઇન્ચાર્જ, સાહિલ વાડિવાલા – એન્જિનિયરિંગ સેક્શન હેડ, શ્રવણ પરમાર – પ્રોડક્શન સેક્શન હેડ, મિસ મોનાલી પરમાર – પ્લાનિંગ ટ્રેઇની અને મિસ ધરતી પટેલ – પ્રોડક્શન ટ્રેઇની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

શાળા પરિવાર, શિક્ષકગણ તથા સ્થાનિક ગ્રામજનો દ્વારા કંસાઈ નેરોલેક કંપની અને તેમની સમગ્ર ટીમનો આ ઉત્કૃષ્ટ સામાજિક અને શિક્ષણલક્ષી કાર્ય બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો



આજના દિવસે તારીખ/૧૫/૧૦/૨૦૨૬/ નાં ગુરૂ વાર નાં રોજ ભરૂચ શહેર નાં જે.પી.કોલેજ પર આજ રોજ સો થી વધુ વખત લોહી આપનારા ત્રણ વ્યક્તિ ઓનું સન્માન સમારોહ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો જેમાં સૌ કોલેજ નો સ્ટાફ સાથે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ અને ભરૂચ જિલ્લાના અને ભરૂચ શહેર એકમ નાં પ્રમુખ,ઉપ પ્રમુખ, મહામંત્રી વગેરે હોદેદારો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું

નવલાં નોરતાની રમઝટ

કુંવારી કન્યાના હાથમાં જ્યારે બ્રહ્માંડનું રક્ષણ આવ્યું ત્યારનો દિવસ એટલે છઠ્ઠું નોરતું

નવલાં નોરતાની રમઝટ બરોબરની જામી છે ત્યારે આજે સ્કંદ છઠ્ઠ છે, છઠ્ઠા નોરતે આજે જોઈએ તો આપણે ત્યાં દીકરી જન્મે એટલે લોકો કહે છે-લક્ષ્મી આવી.દીકરી મોટી થાય એટલે કહે છે - આ તો દુર્ગા છે. પણ ક્યારેય વિચાર્યું છે કે દીકરીને દુર્ગા કેમ કહેવાય છે?

લક્ષ્મી તો ધન આપે, સરસ્વતી વિદ્યા આપે, પણ દુર્ગા શું આપે? દુર્ગા રક્ષણ આપે. જ્યારે બધા રસ્તા બંધ થઈ જાય, જ્યારે કોઈ હિંમત ન આપે, ત્યારે એક દીકરી જ ઘરની દુર્ગા બનીને ઉભી રહે છે.

મહિષાસુરની કથા તમે સાંભળી હશે.બ્રહ્માજીના વરદાનથી મહિષાસુર અજેય બની ગયો હતો. કોઈ દેવતા,કોઈ પુરુષ તેને મારી શકતો ન હતો. બધા દેવતાઓ હારી ગયા,ઇન્દ્રનું સિંહાસન છીનવાઈગયું સ્વર્ગમાં રાક્ષસોનું રાજ થઈ ગયું. ત્યારે ત્રિદેવ -બ્રહ્મા,વિષ્ણુ, મહેશના ક્રોધમાંથી એક તેજ નીકળ્યું અને તે તેજમાંથી એક કુંવારી કન્યા પ્રગટ થઈ.તેના હાથમાં તલવાર હતી, તે સિંહ પર સવાર હતી. તે કોઈની પત્ની ન હતી,તે કોઈની માઁ ન હતી, તે માત્ર એક દીકરી હતી.અને તે દીકરીએ જ મહિષાસુરનો વધ કર્યો.

આ જ દીકરીનું નામ છે માઁ કાત્યાયની.અને તેનો દિવસ છે નવરાત્રીનું છઠ્ઠું નોરતું.

છઠ્ઠું નોરતું એ માત્ર પૂજાનો દિવસ નથી, એ દરેક દીકરીને યાદ અપાવ વાનો દિવસ છે કે તારી અંદર એક યોદ્ધા સૂતો છે. તું માત્ર રસોડું સંભાળવા નથી જન્મી, તું આખા જગતનું રક્ષણ કરવા જન્મી છે.

પહેલી કથા કાત્યાયન ઋષિની છે. કાત્યાયન ઋષિએ વર્ષો સુધી ઘોર તપ કર્યું કે જગતની માઁ મારા ઘરે દીકરી તરીકે જન્મે. તેમની ભક્તિથી પ્રસન્ન થઈને માઁ દુર્ગાએ તેમને ત્યાં દીકરી તરીકે જન્મ લીધો. તેથી તેનું નામ કાત્યાયની પડ્યું.આ કથા એટલા માટે મહત્વની છે કે તે કહે છે.માઁ ને પામવા માટે કોઈ પુરુષે પિતા બનવું પડે, અને માં દીકરી બનીને આવે. દીકરી એટલે માં નો જ અવતાર.

બીજી કથા મહિષાસુર વધની છે. જ્યારે મહિષાસુરનો ત્રાસ વધી ગયો, ત્યારે બધા દેવતાઓએ પોતાના તેજ માઁ ને આપ્યા. શિવના તેજમાંથી મુખ,વિષ્ણુના તેજમાંથી હાથ,બ્રહ્માના તેજમાંથી પગ બન્યા. અને આ રીતે માઁ કાત્યાયની પ્રગટ થઈ. દેવતાઓએ તેને પોતાના શસ્ત્રો આપ્યા.શિવે ત્રિશૂળ,વિષ્ણુ એ ચક્ર, ઈન્દ્રએ વજ આપ્યું. અને સિંહ તેનું વાહન બન્યો.

આ બંને કથાનો સાર એક જ છે - જ્યારે પુરુષોની શક્તિ ખૂટી જાય છે, ત્યારે શક્તિ દીકરી બનીને આવે છે.માઁ નું સ્વરૂપ -સૌંદર્ય અને શૌર્યનો સંગમ માઁ કાત્યાયનીનું સ્વરૂપ જોઈ ને જ ખ્યાલ આવે છે કે તે શું છે.

તેને ચાર હાથ છે. એક હાથમાં તલવાર છે જે અન્યાયને કાપે છે, બીજા હાથમાં કમળ છે જે પ્રેમનું પ્રતીક છે,ત્રીજો હાથ અભય મુદ્રા માં છે જે કહે છે ડરીશ નહીં,અને ચોથો હાથ વરદમુદ્રામાં છે જે આશીર્વાદ આપે છે.

તે સિંહ પર સવાર છે. સિંહ એટલે હિંમત.દીકરી જ્યારે હિંમત પર સવાર થાય છે ત્યારે તે દુર્ગા બને છે.

તેનો વર્ણ સોના જેવો ચમકતો છે. તે અંબા છે, તે દુર્ગા છે,તે મહિષા સુર મર્દિની છે.

આ સ્વરૂપ આપણને શીખવે છે કે સ્ત્રીમાં બે વસ્તુ એક સાથે હોવી જોઈએ હાથમાં કમળ જેવી કોમળતા અને બીજા હાથમાં તલવાર જેવી કઠોરતા. જે સ્ત્રીમાં માત્ર કોમળતા હોય તેને લોકો દબાવી દે છે,અને જેમાં માત્ર કઠોરતા હોય તેને લોકો પ્રેમ નથી કરતા.માઁ કાત્યાયની બંનેનું સંતુલન છે.

યોગશાસ્ત્ર મુજબ છઠ્ઠા નોરતે મનુષ્યના શરીરમાં આજ્ઞા ચક્ર જાગૃત થાય છે.આ ચક્ર બે ભ્રમરની વચ્ચે હોય છે, જેને ત્રીજી આંખ પણ કહે છે.

આ ચક્ર શેનું પ્રતીક છે? નિર્ણય શક્તિનું, સત્ય-અસત્ય પારખવાની શક્તિનું.મહિષાસુર કોણ છે?મહિષ એટલે ભેંસ.ભેંસ કેવી હોય?જાડી બુદ્ધિ ની,જેને કંઈ સમજ ન પડે,જે આડું અવળું ચાલે.આપણી અંદરનો મહિષાસુર એટલે આપણી જાડી બુદ્ધિ,આપણી આળસ, આપણો અહંકાર કે જે આપણને સાચો રસ્તો જોવા દેતો નથી.

માઁ કાત્યાયનીની સાધના એટલે આજ્ઞા ચક્રને ખોલવાની સાધના. જ્યારે આજ્ઞા ચક્ર ખુલે છે ત્યારે વ્યક્તિને સમજાય છે કે શું સાચું છે અને શું ખોટું.તે અન્યાય સામે અવાજ ઉઠાવી શકે છે.

આજની દીકરીઓ માટે આ સૌથી જરૂરી છે. તેમને શીખવવામાં આવે છે કે સહન કર,ચૂપ રહે.પણ માઁ કાત્યાયની કહે છે.ના,જ્યાં અન્યાય થાય ત્યાં બોલ,તલવાર ઉઠાવ.

છઠ્ઠા નોરતાનું મહાત્મ્ય-શું ફળ મળે છે?અન્યાયથી મુક્તિ અને શત્રુનો નાશ:આ દિવસનું સૌથી મોટું મહાત્મ્ય શત્રુ બાધા દૂર કરવાનું છે. જો તમારા જીવનમાં કોઈ વ્યક્તિ તમને હેરાન કરે છે, કોર્ટ- કચેરીના કેસ છે, ઓફિસમાં કોઈ રાજકારણ છે,તો માઁ કાત્યાયની તે બધાનો નાશ કરે છે.તે મહિષાસુરમર્દિની છે, તમારા જીવનના મહિષાસુરને તે જ મારશે.

કુંવારી કન્યાઓ માટે સર્વશ્રેષ્ઠ દિવસ:ભાગવત પુરાણમાં કથા છે કે બ્રજની ગોપીઓએ ભગવાન શ્રી કૃષ્ણને પતિ તરીકે મેળવવા માટે યમુના કિનારે માઁ કાત્યાયનીની જ પૂજા કરી હતી. ×કાત્યાયની મહામાયે મહાયોગિન્યધીશ્વરિ× મંત્રનો જાપ કર્યો હતો. તેથી જે દીકરીઓને સારો જીવનસાથી જોઈએ છે, જેના લગ્નમાં વિલંબ થાય છે, તેમના માટે છઠ્ઠું નોરતું સોનાનો દિવસ છે. આ દિવસે ઉપવાસ કરીને માં ની પૂજા કરવાથી મનગમતો વર મળે છે અને લગ્નના વિઘ્નો દૂર થાય છે.

ધર્મ અને હિંમતની પ્રાપ્તિ: માઁ કાત્યાયની ધર્મની રક્ષા કરે છે. તેની પૂજા કરવાથી મનમાં ધર્મ પ્રત્યે પ્રેમ વધે છે, અધર્મ સામે લડવાની હિંમત આવે છે. આજનો યુવાન જો ડરપોક બની ગયો હોય, તેનામાં આત્મવિશ્વાસ ન હોય,તો માઁ કાત્યાયની તેને સિંહ બનાવી દે છે.

રોગ અને ભયથી મુક્તિ:માઁ કાત્યાયનીની પૂજા કરવાથી ચારેય દિશાઓમાંથી ભય દૂર થાય છે. તે ભક્તને નિરોગી બનાવે છે.

ઈતિહાસમાં માઁ આશાપુરાનું કાત્યાયની સ્વરૂપ સૌથી વધુ પૂજાયું છે.જ્યારે અલાઉદ્દીન ખીલજીના સેનાપતિઓ એ કચ્છ પર હુમલો કર્યો, જ્યારે મોગલોએ માતાના મઢને લૂંટવાનો પ્રયાસ કર્યો, ત્યારે કોણે રક્ષા કરી? એક કુંવારી કન્યાએ. લોકવાયકા છે કે માઁ આશાપુરા કુંવારી કન્યાના રૂપમાં પ્રગટ થયા અને સિંહ પર સવાર થઈને દુશ્મનોને ભગાડ્યા.

આજે પણ માતાના મઢમાં સાંજની આરતી વખતે જે તલવાર સાથે ગરબા થાય છે,તે આ જ કાત્યાયની સ્વરૂપની યાદ છે.

કચ્છની દરેક દીકરીએ આશાપુરામાઁ ની કાત્યાયની છે. તે કોમળ પણ છે અને જરૂર પડે તો તલવાર પણ છે. કચ્છની દીકરીઓએ સરહદ પર સૈનિકોને રાખડી બાંધી છે, ભૂકંપમાં ઘરો સજાવ્યા છે,રણમાં પાણીના વહેંચણ સુધીનું કામ કર્યું છે. આ જ તો કાત્યાયની છે.

છઠ્ઠા નોરતે શું કરવું?રંગ અને ભોગ: આજના દિવસનો રંગ લાલ છે. લાલ રંગ શક્તિ અને યુદ્ધનો રંગ છે. માઁ ને મધનો ભોગ અત્યંત પ્રિય છે. મધ એટલે મીઠાશ અને શક્તિનો સંગમ. મધ ચડાવીને તે પ્રસાદ કુંવારી કન્યા ઓને વહેંચો.

મંત્ર અને પૂજા:સવારે સ્નાન કરીને લાલ વસ્ત્ર પહેરો. માઁ ની સામે ઘીનો દીવો કરો.

મુખ્ય મંત્ર - ×? ???? ??????????? ???×ગોપીઓનો મંત્ર -×????????? ??????? ??????????????????। ???????????? ???? ???? ?? ???? ?? ????× આશાપુરા મંત્ર -×? ????????? ???×

આ મંત્રનો ૧૦૮ વાર જાપ કરો. જો લગ્ન માટે પ્રાર્થના કરતા હો તો ગોપી મંત્રનો જાપ કરો.

સૌથી મોટી પૂજા: આજના દિવસે એક કુંવારી કન્યાને-તમારી દીકરી, બહેન, કે કોઈ ગરીબ દીકરીને-ભેટ આપો. તેને કહો કે તું દુર્ગા છે. તેના પગે લાગો. આનાથી માં કાત્યાયની સૌથી વધુ પ્રસન્ન થશે.અને તમારી અંદરના મહિષાસુરને તમારા ડરને

આભાર - નિહારીકા રવિયા મારવાનો સંકલ્પ કરો.

દીકરીને તલવાર આપો આપણે દીકરીને શું આપીએ છીએ? ચૂલો, રસોડું, સહનશીલતા.પણ માઁ કાત્યાયની કહે છે - દીકરીને તલવાર આપો.તલવાર એટલે શિક્ષણ, તલવાર એટલે હિંમત, તલવાર એટલે ×ના× કહેવાની શક્તિ.

છઠ્ઠું નોરતું આપણને એ જ શીખવે છે. જ્યારે દીકરીના હાથમાં તલવાર હશે, ત્યારે કોઈ મહિષાસુર તેની સામે આંખ પણ નહીં ઉઠાવી શકે.

આજે સાંજે જ્યારે તમે માઁ કાત્યાયનીની આરતી કરો, ત્યારે તમારી બાજુમાં ઉભેલી તમારી દીકરી સામે જુઓ. તમને તેમાં જ માં કાત્યાયની દેખાશે.તેને કહો - બેટા, તું કાત્યાયની છે. તું નબળી નથી, તું મહિષાસુરમર્દિની છે.

જય માઁ કાત્યાયની! જય માઁ આશાપુરા!★

Printer/publisher/0wner & Editor:Pradip.A.Raval Printed at Jay Graphics & Printers,C15, Vikram Chambers,Income Tax.Ashram Road.Ahmedabad-380009.Published At : Plot No:581/1,Sector-7 B.Gandhinagar - 382007.Gujarat